# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2024-25/003 Dt. 17/06/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે Unlocking Thailand: Market Insights and Opportunities વિષય પર સેમિનાર યોજાયો

## વર્ષ ૨૦૨૩માં ભારત દ્વારા થાઈલેન્ડમાં ૫,૯૨૭ મિલિયન યુ.એસ. ડોલરનું એક્ષ્પોર્ટ કરાયુ : રોયલ થાઇ એમ્બેસીના એમ્બેસેડર હર એકસલન્સી મીસ પાતારાત હોન્ગટોન્ગ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા.૧૬ જૂન, ૨૦૨૪ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, સેમિનાર હોલ– એ, સરસાણા, સુરત ખાતે Unlocking Thailand: Market Insights and Opportunities વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં નવી દિલ્હી સ્થિત રોયલ થાઇ એમ્બેસીના એમ્બેસેડર હર એકસલન્સી મીસ પાતારાત હોન્ગટોન્ગ, મુંબઈ સ્થિત થાઈ ટ્રેડ સેન્ટરના ડેપ્યુટી ડાયરેક્ટર મિ.ચલોટોર્ન સિન્હપ્રોહ અને થાઈલેન્ડના ડેપ્યુટી કોન્સુલ જનરલ મિસ. નદ્દાસુડા મેદ્દાપ્રસર્ટ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું.

નવી દિલ્હી સ્થિત રોયલ થાઇ એમ્બેસીના એમ્બેસેડર હર એકસલન્સી મીસ પાતારાત હોન્ગટોન્ગે જણાવ્યું હતું કે, 'થાઈલેન્ડની કુલ વસ્તી ૬૬.૦૫ મિલીયન છે. થાઈલેન્ડનો શિક્ષણ દર ૯૩.૮ ટકા છે. જેથી થાઈલેન્ડમાં રોકાણ કરવા માંગતા રોકાણકારોને સરળતાથી કુશળ અને શિક્ષિત કર્મચારીઓ મળી શકે છે. કુલ જનસંખ્યાના ૪૦.૫૪ મિલિયન લોકો લેબર વર્ક કરે છે, જેની સામે થાઈલેન્ડની અર્થવ્યવસ્થા અંદાજે ૫૧૩.૦૫ બિલિયન યુ.એસ. ડોલર છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'થાઈલેન્ડ હવાઈ, રેલ અને રોડ માર્ગે વિકસિત છે. જેનો ટ્રાન્સપોર્ટ અને એક્ષ્પોર્ટ કરવામાં મેન્યુફેક્ચરર્સ અને રોકાણકારોને લાભ મળે છે. થાઈલેન્ડ, વિશ્વના અન્ય દેશો પાસેથી ક્રૂડ ઓઈલ, મશીનરી અને તેના પાર્ટ્સ, ઈલેક્ટ્રીકલ ઈન્ટીગ્રેટેડ સર્કિટ્સ અને કેમિકલ પ્રોડક્ટ્સની આયાત કરે છે. થાઈલેન્ડમાં વિવિધ પ્રોડક્ટ્સની જે દેશોમાંથી આયાત થાય છે તેવા ટોપ-૧૦ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૩માં ભારત દ્વારા થાઈલેન્ડમાં ૫,૯૨૭ મિલિયન યુ.એસ.ડોલરનું એક્ષ્પોર્ટ કરવામાં આવ્યું હતું.'

મુંબઈ સ્થિત થાઈ ટ્રેડ સેન્ટરના ડેપ્યુટી ડાયરેક્ટર મિ. ચલોટોર્ન સિન્હપ્રોહે જણાવ્યું હતું કે, 'ફાર્માસ્યુટિકલ, ઓટોમોબાઈલ્સ, એગ્રીકલ્ચર, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને કન્સ્ટ્રક્શન એન્ડ ફર્નિચર ક્ષેત્રે ભારતીય રોકાણકારો માટે થાઈલેન્ડમાં વિવિધ તકો રહેલી છે. તેની સાથે જ સૌથી વધુ તકો જેમ્સ એન્ડ જ્વેલરી, બાયોલોજીકલ મટિરિયલ્સ, બ્યુટી એન્ડ વેલનેસ ક્ષેત્રે રહેલી છે. થાઈલેન્ડમાં રોકાણ કરવા માટે થાઈલેન્ડ સરકાર તરફથી વિવિધ પ્રકારની સુવિધાઓ અને ટેક્સમાં કેટલાક અંશે રાહત આપવામાં આવે છે.'

ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના મિશન ૮૪ કમિટીના સભ્ય અને ઈન્ડો-થાઈ ચેમ્બર ઓફ MSMEsના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાકેશ ત્રિવેદીએ અતિથી અને વક્તાનો પરિચય આપ્યો હતો. સેમિનારમાં વિવિધ ક્ષેત્રના ઉદ્યોગકારોને મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબ હર એકસલન્સી મીસ પાતારાત હોન્ગટોન્ગ અને મિ. ચલોટોર્ન સિન્હપ્રોહે આપ્યા હતા. અંતે ચેમ્બરના મિશન ૮૪ના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.